

# મૂર્તિ



ઓક્ટોબર - ૨૦૨૩, વર્ષ : ૨૦ અંક : ૧૦ વાર્ષિક : ₹૫૦/-

## જ્ઞાન-ધ્યાન-ઉપાસના

કારતક સુદ-૪, તા. ૧૭-૧૧-૨૦૨૩, શુક્રવારથી

કારતક સુદ-૬/૭, તા. ૧૯-૧૧-૨૦૨૩, રવિવાર

સમય : સવારે ૮:૦૦ થી સાંજે ૬:૦૦ સુધી

# બાપાશ્રી પ્રાગટ્ય નિમિત્તે "હરિ સ્મૃતિ" પંચાહ્ન પારાયણ

### પારાયણના વક્તાશ્રી

સદ્. શાસ્ત્રી શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામી,

ગુરુ. શ્રી સ્વયંપ્રકાશદાસજી સ્વામી

### પ્રારંભ

કારતક સુદ-૮, તા. ૨૦-૧૧-૨૦૨૩,

સોમવાર, સવારે ૮:૩૦ કલાકે

### સમય

સવારે ૮:૩૦ થી ૧૧:૩૦,

સાંજે ૪:૦૦ થી ૬:૦૦

### ઠાકરથાળી

કારતક સુદ-૧૦, તા. ૨૨-૧૧-૨૦૨૩,

બુધવાર, રાત્રે ૮:૩૦ કલાકે

### બાપાશ્રી પ્રાગટ્યોત્સવ

કારતક સુદ-૧૧, તા. ૨૩-૧૧-૨૦૨૩,

ગુરૂવાર, રાત્રે ૯:૧૦ કલાકે

### પૂર્ણાહુતિ


કારતક સુદ-૧૨, તા. ૨૪-૧૧-૨૦૨૩,

શુક્રવાર, સવારે ૧૧:૦૦ કલાકે

પ્રકાશક : શ્રી અબજીબાપાની છતેડી અને હનુમાનજી મંદિર, બળદિયા,
તા. ભુજ, જિ. કચ્છ. પીન : 370 427



જન્માષ્ટમી પર્વ





મુનિસ્વામી પ્રાગટ્ય ઉપલક્ષે સત્સંગ બ્રહ્મયજ્ઞ - સુરેન્દ્રનગર





જળજીલણી એકાદશી પર્વે હરિકૃષ્ણ મહારાજને કાલી તલાવડીમાં સ્નાન



RNI No.: GUJGUJ/2004/52455

# મૂર્તિ

ઓક્ટોબર : ૨૦૨૩

વર્ષ : ૨૦

અંક : ૧૦





## દિવ્ય પ્રેરણા

પ.પૂ. અ.મુ. મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી




## તંત્રી

શ્રી કલ્યાણ નારાણ વેકરીયા

## પ્રકાશક

શ્રી અબજીબાપાની છતેડી અને
હનુમાનજી મંદિર

બળદિયા-ભુજ (કચ્છ)
મોબાઈલ : ૯૦૯૯૦ ૪૯૨૮૨
૯૦૯૯૦ ૪૯૨૮૪
E-mail : abjibapachhatedi@gmail.com
Website : www.abjibapanichhatedi.org

## લવાજમ

| | |
|---|---|
| વાર્ષિક | : રૂા. ૫૦/- |
| પંચ વાર્ષિક | : રૂા. ૨૦૦/- |
| ૨૦ વાર્ષિક | : રૂા. ૫૦૦/- |
| વિદેશમાં ૨૦ વાર્ષિક | : રૂા. ૪૦૦૦/- |

## પ્રકાશન તારીખ

દર માસની ૧૧ તારીખે

## પ્રિન્ટીંગ

સ્વસ્તિક પ્રિન્ટર્સ-ભુજ
બેઝમેન્ટ, પિંડોરીયા ચેમ્બર્સ,
ન્યુ સ્ટેશન રોડ, ભુજ - કચ્છ.
E-mail : swastik.gr@gmail.com





| અનુક્રમ | પેજ |
|---|---|
| સહજ અમૃત | ૪ |
| અબજ અમૃત | ૫ |
| જ્ઞાનામૃત | ૬ |
| દિવ્યામૃત | ૮ |
| આધ્યાત્મિકજ્ઞાન | ૧૦ |
| બાપાશ્રી નારાયણમામાની નજરે | ૧૧ |
| અનાદિમુક્ત દાદાખાચર | ૧૨ |
| અક્ષરનું અને પુરૂષોત્તમનું સાધર્મ્યપણું | ૧૩ |
| આત્મનિષ્ઠા અને ભગવાનનું મહાત્મ્ય | ૧૫ |
| કેળવણી | ૧૭ |



# સહજ અમૃત

★ જ્યારે કોઈ ધર્મ લોપ કરે અથવા બળિયો હોય તે ગરીબને પીડે અથવા અન્યાયનો પક્ષ લે ત્યારે તેની ઉપર અમારે કોઈકને અર્થે લગારેક ક્રોધની ચટકી આવે છે પણ પોતા સારું તો એકથી લાખ રૂપૈયા સુધી બગાડ કરે તોપણ ક્રોધ આવતો નથી અને કોઈક સારુ આવે છે તે પણ ક્ષણ માત્ર પણ નથી રહેતો ને આંટી બંધાતી નથી. અને તમારી કોરનું (મુક્તાનંદ સ્વામીને સંબોધીને) તો અમને એમ જણાય છે જે તમારે જે જે માયિક પદાર્થનો યોગ થાય તેની આંટીમાં પ્રથમ તો આવી જવાય પણ ગુણ થકી પર ભગવાનના મહાત્મ્યનો અને સંતના માર્ગનો વિચાર રહ્યો છે તેથી અંતે જાતા એના બંધનમાં રહેવાય નહિ; બંધન તોડીને નીકળાય ખરું. અને જેને એ બંધન ન થાય અને પોતાનું કલ્યાણ ઈચ્છે તેને મોટા પુરુષ રાજી થાય તેમ કરવું અને કોઈ ગરીબને દુબવવો નહિ. અને જો દુબાયો હોય તો તેના અંતરમાં ભગવાન બિરાજમાન છે, તો ભગવાનનો અપરાધ કર્યો એમ જાણીને જે પ્રકારે તે રાજી થાય તેમ કરવું. (ગ.મ.૨૭)

★ વળી અમે વિચારીને જોયું જે અતિશે ત્યાગ રાખીને અને અતિશે દયા રાખીને મૂઠી વાળીને બેસી રહે તેણે ભગવાનની ભક્તિ થાતી નથી. અને જ્યારે ભક્તિએ રહિત થાય ત્યારે ઉપાસનાનો નાશ થઈ જાય એટલે પછવાડેથી અંધ પરંપરા ચાલે. તે સારું ત્યાગનો પક્ષ મોળો કરીને અમે મંદિર કરાવ્યા છે. અને તેમાં પરમેશ્વરને વાસ્તે પુષ્પ લાવ્યા જોઈએ, તુલસી લાવ્યા જોઈએ, મંદિર કરાવ્યા જોઈએ જેથી ભગવાનની ઉપાસના રહેશે તો તેણે કરીને ઘણાક જીવન કલ્યાણ થાશે. અને જે ઉપાસક હોય તે પોતાના ધર્મમાંથી ભ્રષ્ટ થાય જ નહિ. માટે પોતપોતાના ધર્મમાં રહીને ભગવાનની ભક્તિ-ઉપાસના કરવી એ અમારો સિદ્ધાંત છે. (ગ.મ.૨૭)

# અબજ અમૃત



★ તમે કાલે મૂર્તિને કોરે-મોરે (આજુ-બાજુ) ખોજ કરતા હતા, તે ક્યાંથી હાથ આવે? એ તો જ્યારે અનુભવ જ્ઞાન થાય ત્યારે હાથ આવે. અનુભવ જ્ઞાનની વાત જુદી છે ને એના સાંભળનારા અને કહેનારા જુદા છે. આ વાત બધાયને ન સમજાય. ઉપાસના સમજવી તથા મૂર્તિમાં જોડાઈ જવું તથા મોટાનો મહિમા સમજવો તે કાંઈ રમત વાત નથી. જ્યારે આ વાત માંડવીના રામકૃષ્ણભાઈને સમજાણી ત્યારે બોલ્યા જે તમે કાંઈ દેવને દર્શને નથી આવ્યા પણ અમારા માટે આવ્યા છો, એવા તમે મોટા છો, માટે મારુ કલ્યાણ આ ફેરે જ કરો. અને જો જન્મ આપો તો તમારી નાતમાં આપજો એમ માગ્યું. (૧/૨૦૦)

★ છપૈયામાં નારાયણસરોવર તળાવના જેવી જ આ પ્રસાદીની રજ છે. જેવી શ્રીજીમહારાજની તેવી જ તેમના મુક્તની, પણ જેમ સાહુકારનાં છોકરાં હોય તે દુકાનમાં તો ઘણાંય પકવાન પડ્યા હોય પણ જમે નહિ, તેમ આ સભાનો મહિમા નહિ જાણે તેને એવું છે. (૧/૨૦૦)

★ જેમ માયીક જ્ઞાને કરીને આ લોકનું બધુંય ઓળખાય છે; કાંઈ બાકી રહેતું નથી. તેમ અનુભવ જ્ઞાન થાય ત્યારે ધામ, સભા, સુખ, મૂર્તિ એ સર્વેનો સાક્ષાત્કાર થાય પણ કોઈને કાંઈ શીખવવું પડતું નથી. અને જેને આ લોકનું ડહાપણ હોય પણ શ્રીજીમહારાજ અને એમના મુક્તનો મહિમા ન સમજાયો હોય ને તેની વ્યાવહારિક બુદ્ધિ ઘણી હોય તો પણ તે જાડી બુદ્ધિવાળો છે. અને જે મુક્ત અને શ્રીજીમહારાજનો મહિમા જાણી મૂર્તિમાં રસબસ થઈ જાય ને તેની બુદ્ધિ થોડી હોય તો પણ તે કુશાગ્ર બુદ્ધિવાળો છે. જેની કુશાગ્ર બુદ્ધિ હોય, તેને આ સભા દિવ્ય ભાસે. આવા સાધુ ક્યાંય નથી! પણ જાડી બુદ્ધિવાળાને મનુષ્ય જેવા જણાય. આ સભામાં મહારાજ અને મુક્ત વિરાજે છે પણ જાડી બુદ્ધિવાળાને જાણ્યામાં ન આવે, (૧/૨૦૧)

★ પરમપદ તે પરમ એકાંતિકની પ્રાપ્તિ છે અને અનાદિની તો વાત જ જુદી છે! તેનું સ્વરૂપેય જુદુ! એને પમાડનારાય જુદા! ને એનું સુખ પણ જુદું! ને પ્રાપ્તિયે જુદી ! તેની તો વાત જ જુદી છે. અનાદિ તો સદાય મૂર્તિમાં છે, છે ને છે જ. (૧/૨૦૧)



શ્રીહરિ દયા કરીને જીવોને માયાના બંધનમાંથી છોડાવીને પોતાના તેજરૂપ દિવ્ય અક્ષરધામમાં લઈ જઈને પોતાનું અલૌકિક સુખ આપવા પધાર્યા છે.

# જ્ઞાનામૃત



## સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામી

- આત્મા દેહથી જુદો છે તો પણ એક કેમ જણાય છે? એ તો એકાંતિક ભક્તના સંગે કરીને જો અભ્યાસ કરે તો આત્મા અને દેહ તે જુદા જણાય છે. માટે સર્વે કાળને વિષે ત્રણ શરીર થકી પોતાને પૃથક વર્તવું.
- જીવ સત્સંગે કરીને બહુ સમર્થ થાય છે અને જેમ ધારે તેમ કરે. જેને પંચ વર્તમાન દૃઢ નથી તેનો તો ધર્મ છિન્ન ભિન્ન થઈ જાય છે.
- ભગવાનની કથા-વાર્તાનું શ્રવણ, મનન અને નિદિધ્યાસ કરીને જો સાક્ષાત્કાર કર્યો હોય તો તે જીવને બહુ સહાય કરે છે. સત્સંગમાં સર્વ પ્રકારે ભિષણને ખમે ને નવધા ભક્તિ કર્યાને વિષે ઝડપું ભરે અને પોતાનો ભક્તિભાવ દેખાડે તે શ્રીજીમહારાજને ગમે છે.
- અંતરદષ્ટિએ કરીને આત્માને વિષે રહ્યા એવા પરમાત્મા શ્રીહરિજી મહારાજ તેમને જોવા ને તેમના ધ્યાનના સુખે કરીને સુખિયા થાવું.
- પંચવિષયને વિષે જેવી પ્રીતિ ને જેવી તૃષ્ણા છે તેવી જ શ્રીજીમહારાજના મહિમાને વિષે તથા આત્મનિષ્ઠાને વિષે પ્રીતિ ને તૃષ્ણા રાખવી અને પંચવિષયમાંથી તો જરૂર ઉખેડવી.
- સત્પુરૂષને ઓળખીને તેમનો સમાગમ કરીને પંચવિષય સંબંધી સંકલ્પ વિકલ્પ રૂપ જે ઠેસું અને દેહાભિમાન સંબંધી ભારે ઠેસું છે અને પ્રાણ, ક્ષુધા, પિપાસાદિક જે ઠેસું છે તે સર્વે સત્સંગને પ્રતાપે કરી કાઢી નાખીને અતિ શુદ્ધ થાવું.
- જીવ જેવો ધર્મ, અર્થ અને કામને અર્થે પુરુષ પ્રયત્ન કરે છે તેવો મોક્ષને અર્થે પુરુષ પ્રયત્ન કરતો નથી, એનું જ નામ મોહ છે. તેમજ પ્રત્યક્ષ ભગવાન અને પ્રત્યક્ષ સંતને મેલીને બીજે ઠેકાણે અજ્ઞાની અને પામર જેવાનો વિશ્વાસ કરવો એ પણ મોહ જ છે.
- જીવોના કલ્યાણ અર્થે આચાર્ય તથા સંતો વિચરે છે તે નિર્ગુણ જ છે. અને અહંમમત્વરૂપ માયા પરસ્પર હરિજનમાં રહી છે તે સગુણપણું છે. માટે એકાંતિક સાધુના સંગે એ માયાને ટાળીને એકાંતિક થાવું એ સત્સંગ કર્યાનું ફળ છે.



જન્મ-મરણ થકી ભય પામીને અમારા સુખની ઈચ્છા રાખીને બીજું સર્વ વિસારીને અતિ સ્નેહ કરીને અમારી મૂર્તિનો આલોચ રાખો.

## સદ્. શ્રી ગુણાતિતાનંદ સ્વામી



- આ પ્રાપ્તિનો પાર નહિ અને જીવમાં ખોટનોય પાર નહિ! આ વાતો તો અમૃત છે. તે દેવલોકમાં અમૃત પીવા જીવ જાય છે. પણ આંહી પીવા નવરો નહિ! ઓહો! આ શ્રીજીમહારાજ પુરુષોત્તમનું દીધું ઐશ્વર્ય બીજા અનંત અવતારાદિક પામ્યા છે. એમાં બધુંય આવી ગયું.
- મારે ને મહારાજને પાંચ વર્ષનું છેટું છે. તે મહારાજનો જન્મ સંવત ૧૮૩૭માં ને મારો જન્મ સંવત ૧૮૪૧માં આસો સુદ પૂનમને તે હમણાં ગઈ શરદ પૂનમ (સં ૧૯૨૩) ત્યારે ૮૨ વર્ષ પૂરા થયા અને ૮૩મું બેઠું.
- અમે મહારાજની આજ્ઞા કોઈ દિવસ લોપી નથી. આ જુનેગઢ પાંચસે સાધુમાંથી કોઈ આવતું નહોતું પછી મને કહ્યું, ત્યારે હું આવ્યો; તે મને શું થઈ ગયું? કાંઈ કોઈ દુઃખ આવ્યું નહિ, ને આ જુનાગઢના તો મહારાજ જમાન થયા છે; તે જુઓને આવી વાતચીતોનો જોગ ક્યાંય છે? આંહી તો સંત ભેગા પ્રગટ સહજાનંદ સ્વામી પોતે બીરાજે છે તેણે એમ છે; નીકર આમ કેમ રહે?
- વિષયનો સ્પર્શ કરવો જ નહિ એટલે મન પણ ઈંદ્રિયો લગણ આવે નહિ. આવા જોગમાં જો વિષયની આસક્તિ રહી તો બહુ ખોટ જાશે! ને મોટા મોટાનો પણ વિષયથી છેટે રહેવાનો જ મત છે. અને વિષયમાં તો કેવળ દુઃખજ છે અને વિષય મૂક્યા વિના છુટકો નથી. તે વિષય આજ મૂકીએ તો મુકાય એમ છે. પણ જીવને મુકવું નથી. અરે! ગરજ જ ક્યાં છે? આ જીવે તો હાડકાં, માંસ ને નરક તેમાં જ માલ માન્યો છે! તે રહેશે નહિ.
- સદ્ગુરૂને સેવે ત્યારે જીવ ચોખ્ખો થાય. તે મળ્યા તો છે, પણ જીવ કોઈ સોંપતુ નથી. તે જીવ સોપ્યા વિના એકાંતિક ભાવને ક્યાંથી પમાય? જીવ સોંપ્યો છે તેટલું થયું છે, ને નથી સોપ્યો તેટલું નથી થયું, ને જ્યારે સોંપાશે ત્યારે થશે.

# દિવ્યામૃત



**સદ્. શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી**

- સર્વેના કારણ, સર્વેના કર્તા, સર્વેના નિયંતા એક સ્વામિનારાયણ ભગવાન છે. એ ભગવાન આપણને પ્રગટ મળ્યા છે એમ સમજવું. મળ્યા એ એટલું જ નહિ, પણ એ ભગવાન મારા આત્મામાં અખંડ વિરાજમાન છે. અક્ષરધામમાં જે મુક્તે સહિત મહારાજ જેમ વિરાજે છે. એમ જ મારા આત્માને વિષે પણ વિરાજે છે.
- જ્યારે મહિમા સમજાય ત્યારે મૂર્તિ માં આસ્થા થાય.
- મહારાજ કહે અમારો મહિમા એને સમજાય ત્યારે માયિક વાસના ટળી જાય છે. આપણે પણ કથા વાંચવી-સાંભળવી અને જીવમાં મહારાજનો મહિમા સમજવો જોઈએ. જીવમાં ભગવાનનો મહિમા સમજાય ત્યારે ભગવાનની મૂર્તિ પણ જીવમાં સાક્ષાત આવીને નિવાસ કરે તો મહારાજ કહે, એ ત્રણ વાત સમજાય, શું તો, 'ભગવાનનો મહિમા,', 'આત્મનિષ્ઠા' અને 'જગતનું નાશવંતપણું' સમજાય ત્યારે એને વાસના ટળી જાય છે.



- **અ.મુ.પ.પૂ. શ્રી સોમચંદબાપા**
- સત્સંગમાં બધા શ્રીજીમહારાજની કૃપાએ સુખિયા છે;
- સત્સંગીને મહારાજે આવકમાંથી દશમો-વીશમો ભાગ કાઢવા કહેલ છે તે પ્રમાણે આજ્ઞા પાળવા મોટા મુક્તો કહેતા અને તે પ્રમાણે વર્તાવવા. હવે એ ઉપદેશ ગૌણ થતો જાય છે. ભગવાનનો ભાગ હોય તો જરુર બરકત થાય, એમ મોટા સંતો કહેતા. રુ.૧૦૦ આપે પછી પાંચ એમના ભાગના આપી દેવા તેમાં શું? પણ એ વખતે ગણતરી થાય છે; આવી બુદ્ધિ મહારાજનાં વચન પાળવામાં આડી આવે છે, એમ મોટા મુક્તો કહે છે. માટે જેને વ્યવહાર નિર્ગુણ કરવો હોય તેણે ભગવાનના વચને ભગવાનનો ભાગ કાઢવો જોઈએ. શ્રીહરિ દયાળુ છે, એને તો આપણું કાંઈ જોઈતું નથી, એ તો અનંત બ્રહ્માંડમાં સૌનું પોષણ કરે છે, પણ આ તો આપણા લાભ સારુ મહારાજ અલ્પ સેવા અંગીકાર કરે છે. બાકી તો અખંડ મૂર્તિરુપ રહેવું એ મોટી આજ્ઞા છે.
- મૂર્તિનો સંબંધ સળંગ રહેતો હોય તો સહેજે બધું નિર્ગુણ થાય.



ત્રણ દેહથી પોતાના આત્માને વિલક્ષણ સમજે અને પોતાના આત્મા વિષ અમને
અખંડ વિરાજમાન જાણે તેને જ સર્વ વિષય સુખની વાસનાની નિવૃત્તિ થઈ જાય



**અ.મુ.પ.પૂ. શ્રી જાદવજીબાપા**

- સારા સુખ નરસા કેમ થાય? તો મહારાજનો જેવો છે એવો મહિમા સમજાય અને એમ થાય કે સારા સુખ છે એ બંધનકારી છે. ઐશ્વર્યનાં સુખ બંધનકારી છે માટે મોક્ષનો વારો નથી આવતો.
- આ જોગ મળ્યો ને આપણે કામ કરી નહી શકીએ તો એને મહારાજે કૃતઘ્ની કહ્યો.
- જીવ જ્યારે સત્પુરુષનો જોગ કરી અને મહિમા સમજે જે અક્ષરધામમાં અનંત મુક્તને સુખ આપે છે, એ જ આ મને મળ્યા છે, મારી સેવાને અંગીકાર કરે છે, મારા મનોરથ પૂરા કરે છે, મારા અનાદિના વિકાર માત્ર ઈ નાશ કરે છે. આવી સમજણ સત્પુરુષ થકી થાય. શાસ્ત્રમાં તો હોય પણ શાસ્ત્રના શબ્દ સમજાય નહિ એટલે અવળું પડી જાય.



- **અ.મુ.પ.પૂ. શ્રી નારાયણમામા**
- મુક્તદશા પ્રાપ્ત થાય ત્યારે જીવ ભગવાન જેવો સાકાર બને અને પછી જો એ મૂર્તિમાં જ એકલીન થઈ જાય ત્યારે ભગવાન જ એક રહે અને મુક્ત અંદર સુખમાં રહે. જેમ લક્ષ્મીજી અતિ સ્નેહે કરીને લીન થઈ જાય એમ મુક્ત છે તે અતિ સ્નેહ થાય ત્યારે મૂર્તિમાં-ભગવાનના સ્વરુપમાં લીન થઈ જાય એટલે દેખાવ ભગવાનનો રહે. પણ જ્યારે મુક્ત મનુષ્યરુપમાં હોય, ત્યારે એ એનો ચૈતન્ય પુરુષોત્તમરૂપ બની જાય પણ એનો જે મનુષ્યદેહ છે એનો કંઈ આકાર બદલતો નથી. અને અનાદિમુક્તની સ્થિતિમાં આ દેહ નિર્ગુણ ને દિવ્ય થઈ જાય છે. આમ છતાં પણ એ મનુષ્યરુપનો આકાર પ્રભુ જેવો થઈ જતો નથી. કારણ કે સેવક છે એટલે.
- બાપાએ એમ કહ્યું કે મુક્તનું ધ્યાન ન કરવું, પણ શ્રીજીમહારાજનું ધ્યાન કરવું. એ નિષેધ કર્યો કારણ કે સેવક છે અને સેવકનું ધ્યાન ન થાય, પણ સુખદાતા એવા ભગવાન સ્વામિનારાયણનું ધ્યાન કરવું એમ બાપાએ આજ્ઞા કરી. મુક્ત ગમે તેટલા પ્રતાપી દેખાય પણ મુક્તનું ધ્યાન ન થાય. એની સાથે હેત થાય કે જેથી હેત થાય તો ભગવાનમાં લગની લાગે ને એમ હેત કરવું પણ સ્નેહ ભગવાનને વિષે રાખવો એ ભક્તિ કહેવાય.
- હરતા-ફરતા એમ કેફ રાખવો કે ભગવાનનાં સુખમાં છીએ.



સંત તથા પરમેશ્વરના વચનને વિષે અતિપે શ્રધ્ધા હોય અને અતિ દ્રઢ વિશ્વાસ હોય તો ગમે તેવા તામસી કર્મ હોય તો પણ નાશ થઈ જાય છે.

# આધ્યાત્મિક જ્ઞાન

સંકલન : અ.મુ.શ્રી મેઘજીભાઈ કે. વિઠાણી, વડોદરા

ગતાંકથી ચાલુ.....

૨૩૫ મહાકાળ પ્રલય કરે ત્યારે જીવો ક્યાં રહેતા હશે? બાપાશ્રી કહે જે સર્વે જીવ માયામાં લીન થઇ જાય છે, માયા; મૂળપુરુષ જે શ્રીકૃષ્ણ તેને વિષે લીન થઇ જાય છે અને એ મૂળપુરુષ વાસુદેવબ્રહ્મની સભામાં રહે છે. જ્યારે સૃષ્ટિ સૃજવાનો સમય થાય ત્યારે મૂળપુરુષે માયાને લીન કરી હોય તેને બહાર કાઢીને તે માયા થકી સૃષ્ટિ ઉત્પન્ન કરે છે. પછી બોલ્યા જે બ્રહ્માંડ વસ્યું તોય શું? ને ન વસ્યું તોય શું? આપણે તો મહારાજ ને તેમના મુક્તને પકડીને તેમાં આત્મબુધ્ધિ કરીને તેમાં જોડાવું.

૨૩૬ વિધા કાને કહેવાય? :: વિધા એનું નામ કે જે મુક્તિ અપાવે. सा विद्या या विमुक्तये। મુક્તિ એટલે દુઃખમાંથી મુક્તિ. દુઃખ કોનું નામ? કે જે નાશ પામે એ વસ્તુની આકાંક્ષા/ઈચ્છા, એનું નામ દુઃખ, આત્મા પરમાત્મા સાથે જોડાય ત્યારે સર્વ દુઃખોનો અંત આવે છે. બધી જ વિધાઓ ભગવાન સ્વમિનારાયણમાંથી જ પ્રગટ થાય છે. એ અનુભવે જ ખબર પડે છે. એમની સામે વિશ્વના બધા જ ચમત્કારો, કાર્યો ક્ષુલ્લક ભાસે છે.

૨૩૭ જાતિ-સજાતિ-વિજાતિ :: શ્રીજીમહરાજે વર્તમાન ધરાવી જેના ચૈતન્યને મૂર્તિમાં રાખ્યો; તેનો જે દેખાવ રહ્યો તે જાતિ ને સંકલ્પ સ્વરૂપ કહેવાય. મૂર્તિમાં રસબસપણે રહેતા અનાદિમુક્તો સર્વે સજાતિ કહેવાય. જેને આવી સમજણ નથી ને દેહરૂપ માને છે વિજાતિ કહેવાય.

૨૩૮ દિવ્યભાવે મહિમા સમજાયો ક્યારે કહેવાય? કથા, વાર્તા, માળા, કીર્તન, માનસીપૂજા કરે પણ ધ્યાનમાં ન બેસાય તો મનુષ્યભાવે મહિમા સમજાયો કહેવાય અને ધ્યાનમાં ને ધ્યાનમાં રહે તે દિવ્યભાવે મહિમા સમજાયો કહેવાય. જ્યારે દિવ્યભાવ સમજાય ત્યારે મોટા પુરુષ રાત્રિ ને દિવસ કહે તો દિવસ એવું થઇ જાય.

૨૩૯ જુદા જુદા મુદ્દા ને સમજાણ :: ખરેખરું જ્ઞાન કોને કહેવાય? અનુભવજ્ઞાન (સાક્ષાત્કાર) થાય ત્યારે ખરેખરું જ્ઞાન કહેવાય, પણ ખોટાને ખોટું કરીએ તો અનુભવ થાય નહિ । માયા ક્યારે જાય ? જ્યારે મૂર્તિમાં કલ્પે કલ્પ વીતી જાય પણ તેમાંથી બહાર નીકળે નહિ ત્યારે માયા જાય. તે મૂર્તિ અપાર છે, પાર એમ નથી । ભગવાનનો ભક્ત કાળનો આહાર કરી જાય એટલે કે જન્મ-મરણ માથેથી કાઢી નાખે. '' કાળ કર્મની રે શંકા દેવે વિસારી '' । દુઃખ ક્યારે આવે? કાળ વિના દુઃખ કોણ દેતું હશે? આજ્ઞા લોપાય, સંગદોષ થાય ને અધર્મી સાથે હેત રાખે તો દુઃખ આવે । જે જે અવતાર એટલે શું સમજવું? '' જે જે અવતાર તે આ સર્વે સંત તે જ અવતાર જાણવા । અવરભાવ = જે આ દેહમાં રહ્યા તે. પરભાવ = જે મહારજની મૂર્તિમાં રહ્યા તે । સબીજ કોને કહેવાય? નિયમ, નિશ્ચય ને પક્ષ રાખવો અને મૂર્તિ ધારવી તે સબીજ કહેવાય, તેને વાંધો રહે જ નહિ. એકલા સાધન કરે તેમાં કાંઈ ન વળે । ભક્ત, મુક્ત કોને કહેવાય? ભજન કરે તે ભક્ત અને મૂર્તિમાં રહે તે મુક્ત કહેવાય । ''જ્ઞાનીને જ્ઞાની મળે રસની લૂંટાલૂટ; જ્ઞાનીને અજ્ઞાની મળે, તો થઇ પડે માથાકૂટ । દેહનું દુઃખ ક્યારે ન જણાય? સદાય સુખ ક્યારે રહે ? અવગુણ ક્યારે ન આવે? શ્રીજીમહારાજ સાથે હેત હોય તો દેહનું દુઃખ જણાય નહિ. સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ એ ત્રણ દેહનો ભાવ ટાળી નાખે તો સદાય સુખ રહે અને ભગવાનના ભક્તનો અવગુણ કોઈ દહાડો ન આવે । સિધ્ધિઓ - સન્માન, સેવા, ફળ, ફૂલ, ખાન, પાન, માન, મહોબત મળે તે સર્વે સિધ્ધિઓ છે. રૂપ, રસ આદિકમાં ક્યાંય લેવાય જ નહિ ત્યારે સિધ્ધિઓ જીતી કહેવાય ।

૨૪૦ વૃત્તિનું લીનપણું એ તો સાધનદશાનું છે, સિધ્ધકાળમાં તો જીવનું જ લીનપણું છે તે કરવું. વૃત્તિ તો માયિક છે ને જીવ તથા ભગવાન તો દિવ્ય છે. દિવ્ય વસ્તુને વૃત્તિ હોય નહિ. એ તો આપસત્તાએ જુએ છે.

૨૪૧ સાધનભક્તિ : સિધ્ધભક્તિ :: ભગવાનને રાજી કરવા નવધાભક્તિ કરીએ તે સાધનભકિત. એ નવધાભક્તિ કરતાં કરતાં સિધ્ધભક્તિ થાય અને પ્રેમલક્ષણા કરતાં કરતાં જ્ઞાન પ્રગટ થાય. એ જ્ઞાને કરીને બીજું કાંઈ છે જ નહિ, એક મહારાજ જ છે એમ સમજાય. પછી મૂર્તિમાં રહીને સુખ લેવું તેને સિધ્ધભક્તિ જાણવી. મહારાજના સાધર્મ્યપણાને (તુલ્ય/સરખાપણાને) પામે તેને વચનામૃતમાં સિધ્ધભક્તિ કહી છે.

**ક્રમશઃ**



જેને સ્થુળદેહને વિષે તથા સુક્ષ્મદેહને વિષે અભિમાન નથી તેને તો સ્થુળદેહનું કર્મ પણ લાગતુ નથી તે સુક્ષ્મદેહનું પણ લાગતુ નથી

# "બાપાશ્રી" નારાયણમામાની નજરે

શોધન : શ્રી જયેશભાઈ ગોહિલ- સુરત

નારાયણમામાએ કહ્યું, મહારાજ અને બાપા કહે છે કે સારાય સત્સંગ વિશે દિવ્યભાવ લાવવો. મનુષ્યભાવ લાવીને કોઈને અવળું થાય તેવો સંકલ્પ કરવો નહિ. રહસ્યાર્થ વચનામૃતમાં દરેક પ્રશ્નોના ઉત્તરમાં મૂર્તિનું મુખ્યપણું આવે છે. પછી બાપાશ્રીની વાતો તો મૂર્તિ મૂર્તિ અને મૂર્તિની જ વાતો. બાપાશ્રીની વાતો સારાય જગત માટે ઉપયોગી છે. આ તમે એકાદ પાઠ વાંચો ત્યાં મૂર્તિરૂપ થઈ જાઓ.

એટલે બાપાશ્રી દ્વારા મહારાજને એક કામ જબરજસ્ત કરવું હતું. તો એ બધા કામ કોના દ્વારા કરે? મુક્ત દ્વારા જ કરે ને? પોતે તો કર્યું હતું પણ એને વિસ્તારવું હતું. શ્રીજીમહારાજે તત્વજ્ઞાનની કોઈ વાત બાકી રાખી નથી; આ સ્પષ્ટ છે. તો એમના અનાદિમુક્તે શુ કર્યું? અધુરું કામ પૂરું નહિ. અધુરું કામ હતું જ નહિ કે પૂર્ણ કર્યું. પણ એને વધારે સ્પષ્ટ રીતે સમજાવીને ઘંટ વગાડ્યો કે ભાઈ, આ લ્યો, આ લ્યો. જેમ પેલી ગોપીઓએ કહ્યું ને ? કૃષ્ણલો, કૃષ્ણલો ત્યારે બાપાશ્રીની વાતો એ મહારાજે કરી છે એ વાતો વાંચીએ તો ખબર પડે. એમાં મહારાજ સિવાય કાંઈ મને દેખાતું નથી.

નારાયણમામા કહે છે કે મને કોઈએ એમ પ્રશ્ન કર્યો કે, બાપાએ એમ લખ્યું છે કે બધાને મહારાજની મૂર્તિના સુખમાં લઈ જશું. મહારાજ સુખમાં લઈ જાય એવી મહારાજને પ્રાર્થના કરીશું એમ ન બોલ્યા. પોતે કેમ અહમ્ રાખ્યો? ભાઈ, એમ નથી. જેને એ સ્થિતિ ન થઈ હોય તેને એમ લાગે. જ્યારે સ્થિતિ થઈ હોય ત્યારે એમ બોલે. કોણ બોલે છે? મહારાજ બોલે છે, કે આ જગનમાં (યજ્ઞમાં) જે આવશે અને પ્રસાદી જમશે એ બધાને મૂર્તિરૂપ બનાવીને મૂર્તિના સુખમાં લઈ જઈશું. અરે બોલનારા મહારાજ પોતે હતા. જ્ઞાન સમજતાં શીખવું, નહિંતર અવળું પડે. અને સ્થિતિ થાય પછી કોઈ દિવસ અવળું પડે જ નહિ. બધું સવળું જ થાય.

નારાયણમામા કહે છે, શ્રીજીમહારાજ અને બાપાશ્રીનો તો એવો પ્રબળ સંકલ્પ છે, કે માત્ર ભારતના વાસીઓજ નહિ, પણ વિશ્વના જેટલા દેશો છે એના માણસો પણ અહીંયા ધીમે ધીમે આવવાના, આવવાના ને આવવાના. શ્રીજીમહારાજ અને બાપાશ્રી એક એક મનુષ્યને પોતાની પાસે જ ખેંચી લેવાના છે ભલે પછી તે અમેરિકન હોય, અંગ્રેજ હોય કે રશિયન કે ચાઈનીઝ હોય કે ગમે તે ધર્મના હોય, પરંતુ તે બધા જ પોતાના જ જીવ છે. જેમણે જુદા જુદા ધર્મો સ્થાપ્યા છે. એ ધર્મ-સ્થાપકોને પણ વહેલા મોડા આ મૂર્તિના સુખમાં ખેંચી લાવશે. એ નિશ્ચિત છે. જે નાની પેઢી છે એ જોઈ શકશે અને જે પેઢી અદશ્ય થશે એ દિવ્ય સ્વરૂપે દેખશે.

જે આત્મજ્ઞાની હોય તેને તો સ્થુળદેહ સંબંધી તથા સુક્ષ્મદેહ સંબંધી કર્મ લાગે નહિ અને તે આ દેહે કરીને ''અશુભ'' કર્મ તો કરે જ નહિ.

# ભવોભવના ભાગ્યશાળી અનાદિમુક્તરાજ દાદાખાચર

પ્રા. સૂર્યકાન્ત ભટ્ટ- ભુજ

એભલ ખાચરના બીજા પત્નિ સુરપ્રભાને દાદાખાચરના માતુશ્રી થવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. સંવત ૧૮૫૭ના માગસર સુદ-૯ મંગળવાર તા. ૨૫-૧૧-૧૮૦૦ દાદાખાચરનો પ્રાગટ્ય દિન છે. ભારતમાં સાત લાખ ગામડા છે. માત્ર એકલા ગુજરાતમાં ''ગઢડા'' નામના ૧૭ ગામ છે. ઘેલા નામની બે નદી છે.

એક સમયે ગઢપુરમાં લિંબતરૂ નીચે શ્રીહરિ બિરાજમાન હતા. તેમની સમીપે સંતો બિરાજેલા. તેવામાં ખીમજી કલ્યાણ ગુર્જર સુથારે નાળિયેરની કાચલીમાંથી પારા બનાવી કંઠી બનાવી. તે શ્રીજીને અર્પણ કરી. શ્રીજીમહારાજ પ્રસન્ન થયા તે સમયે બ્રહ્માનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી એ નીરખી રાજી થયા. શ્રીહરિએ કહ્યું, ''આજથી આપણા સંપ્રદાયમાં તુલસી અથવા સુખડની કંઠી ધારણ કરવાની.''

સંવત ૧૮૭૦ના કારતક વદ-૩૦ના સોમવારે તા. ૨૨-૧૧-૧૮૧૩ના દાદા ખાચરને ગાદીએ બિરાજમાન કર્યા. સંવત ૧૮૬૧ના મહાસુદ-૧૧ રવિવાર તા. ૧૦-૨-૧૮૦૫ના શુભદિને મહાપ્રભુ ગઢપુર પધાર્યા. એભલ ખાચરને બે રાણીયો હતી. સોમદેવી અને સુરપ્રભા. સુરપ્રભા રાણી થકી ચાર પુત્રીઓ જીવુબા, લાડુબા, પાંચુબા અને નાનુબા થયા દાદાખાચર પુત્ર થયા.

એક સમયે મહારાજ કહે, ''દાદાખાચર તમારે પુત્ર નથી તો તમે તમારો ગરાસ તમારી સાંખ્યયોગી બહેનોને લખી આપો.''દાદાખાચરે તરત જ દસ્તાવેજ કરી સોંપી દીધો. મહારાજ કહે, ''હવે તમે શું કરશો? દાદાખાચરે જણાવ્યું કે હું ભાવનગર જઈને નોકરી કરીશ.'' જ્યારે મહારાજે કહ્યું તમારા બહેનોની નોકરી સ્વીકારો. તેમણે આજ્ઞા મુજબ કર્યું. મહારાજે દસ્તાવેજ મંગાવી ફાડી નાખ્યો.

શ્રીજીમહરાજની સંપૂર્ણ આજ્ઞાનો અક્ષરસઃ દાદાખાચર અમલ કરતા. એક વખત દરબારમાં નવા ઓરડા બનાવવા આજ્ઞા કરી. મહારાજ કહે આતો સાચનથી પડાવી નાખો. ને પડાવી નાખ્યા. ફરીને બનાવડાવ્યા. મહારાજ કહે વધુ ઊંચા થયા છે થોડા ઉતરાવી નાંખો તેમ ઉતરાવી નાખ્યા.

દાદાખાચરના પ્રથમ પત્નિ કુંવરબાઈને સંતાન ન હોવાથી તેમને બીજા લગ્ન કરવા માટે તેમણે ખૂબ જ સમજાવ્યા. આખરે તેમણે શ્રીજીમહારાજને વિનવ્યા. તેવામાં બાર પરોળીના કાળુ વાવડીયા મહાપ્રભુના દર્શને પધાર્યા. મહારાજે તેમને કહ્યું કે તમારા બાબરીયા વાડમાં કન્યા મળે તો અમારે દાદાનું લગ્ન કરવું છે. કાળું વાવડીયા ભટ્ટવદર ગયા નાગપાલ વરૂને મળ્યા પૂછ્યું કે તમારે તમારી દિકરી જશુનું લગ્ન કરવું છે? ત્યારે તેઓ કહે તમારા ધ્યાનમાં મુરતિયો હોય તો બતાવો.

શ્રીજીમહારાજે દાદાખાચરને બીજા લગ્ન માટે ખૂબજ સમજાવ્યા. આખરે દાદાએ કહ્યું કે આપશ્રી અને સંતો જાનમાં આવો તો લગ્ન કરું. સંવત ૧૮૮૧ના મહા સુદ-૧૦ શનિવાર તા. ૨૯-૧-૧૮૨૫ના દાદાખાચરના લગ્ન થયા.

શ્રીજીમહારાજે વારંવાર ઉચ્ચાર્યા મુજબ, ''ગઢડું મારૂં અને હું ગઢડાનો.'' દાદાખાચરે શ્રીજીમહારાજની તમામ નાની મોટી આજ્ઞાઓ અતિ પ્રેમથી અદા કરી તેઓશ્રીનો નિર્મળ સ્નેહ, નિસ્વાર્થપણું, અહર્નિશભક્તિને સંપ્રદાયમાં સૌ યાદ કરી રહ્યા છે. તેઓશ્રી અનાદિમુક્તરાજ હતા.

દાદાખાચરના બીજા પત્નિ જશુબાએ પુત્ર થવા માટે શ્રીહરિ પાસે વર માગ્યો. ત્યારે શ્રીહરિએ બે પુત્રો થશે તેવું વચન આપ્યું. અમરાખાચર ને બાવાખાચર બે પુત્રો થયા. અમરાખાચર રમતાં રમતાં લીંબ વૃક્ષ નીચે આવી ઢોલિયાના પાયા પકડી ઊભા થયા. મહારાજ ખોળામાં લઈ બોલ્યા, ''આ અમરીશ આવ્યો. બાવાખાચર ઢોલિયાનો પાયો પકડી ઊભા થઈ મહારાજના પગનો અંગૂઠો ચૂસયા તેમાંથી દૂધ આવતું. આજેય તેમના વંશવારસો છે.''

શ્રીહરિએ દાદાખાચરને પોતાના દિવ્ય દેહને અગ્નિ સંસ્કાર આપવા આજ્ઞા કરેલી. આવા સમયે દાદાખાચર ભાંગી પડ્યા. ગોપાળાનંદ સ્વામીશ્રીએ તેમને શાંત્વના બક્ષી શ્રીહરિના દર્શન કરાવી શાંત કર્યા.



વિચારે કરીને સર્વમાંથી પ્રિતિ તોડીને ભગવાનને વિષે દ્રઢ પ્રિતિ કરે ને
સાધુનો સમાગમ રાખે તો ગૃહસ્થને પણ ત્યાગીની પેઠા અખંડ ભગવાનમાં વૃત્તિ રહે

# અક્ષરનું અને પુરુષોત્તમનું સાધર્મ્યપણું

શ્રી રાજ વકીલ-અમદાવાદ

આપણે જાણીએ છીએ તેમ મહારાજના સિધ્ધમુક્તો પુરૂષોત્તમના સાધર્મ્યપણાને પામેલા છે. બાપાશ્રીએ તો ભાગ-૧ વાર્તા ૭૯માં એમ સ્પષ્ટ કહ્યું કે અનાદિમુક્તો તો અક્ષરધામથી પણ પર છે અને અક્ષરધામતો શ્રીજીમહારાજ અને અનાદિમુક્તોનું તેજ છે. તેમ જોતાં અનાદિમુક્તો શ્રીજીમહારાજના તેજરૂપ અક્ષરધામથી પણ પર કહેતાં શ્રેષ્ઠ છે. કેમ કે મૂર્તિમાન શ્રીજીમહારાજના રૂપ છે પણ નિરાકાર અક્ષરધામ કે મહાતેજ રૂપ નથી. તેમ છતાં ઘણા વચનામૃતોમાં ભક્ત અક્ષર કહેતાં અક્ષકધામના અથવા અક્ષરબ્રહ્મના સાધર્મ્યપણાને પામે છે અથવા મહાતેજરૂપ થાય છે. એમ કહ્યું છે જ્યારે કેટલીક જગ્યાએ ભક્ત પુરૂષોત્તમના સાધર્મ્યપણાને પામે છે એમ કહ્યું છે. આની સ્પષ્ટતા બાપાશ્રીએ ખૂબ સરસ રીતે કરી છે. પ્રથમના ૨૧માં ''એ અક્ષરધામને પામ્યો જે ભક્ત તે પણ અક્ષરના સાધર્મ્યપણાને પામે છે.'' તેમજ ''એ અક્ષરધામને વિષે અક્ષરના સાધર્મ્યપણાને પામ્યા એવા અનંતકોટી મુક્ત રહ્યા છે.'' એમ કહ્યું છે. બાપાશ્રીએ સમજાવ્યું કે સાધન દશામાં એકાંતિકની સ્થિતિવાળા ભક્ત શ્રીજીમહારાજના તેજરૂપ અક્ષરબ્રહ્મના સાધર્મ્યપણાને પામે છે. કહેતાં પોતાને બ્રહ્મરૂપ માને છે અને જ્ઞાને કરીને ત્રણ દેહ ત્રણ અવસ્થાથી પર વર્તે છે. તેથી સાધનકાળમાં સાધન કરતાં કરતાં અક્ષરધામના સાધર્મ્યપણાને પામે છે એમ કહ્યું છે અને ''એ અક્ષરધામને પામ્યો જે ભક્ત'' તેમજ ''એ અક્ષરધામને વિષે'' અક્ષરના સાધર્મ્યપણાને પામ્યા એવા મુક્તો રહ્યા છે. એમ જે કહ્યું તેનો ભાવાર્થ એમ સમજાવ્યો કે ભગવાનનો ભક્ત સાધનકાળમાં સાધન કરીને અક્ષરધામના સાધર્મ્યપણાને પામ્યા બાદ અક્ષરધામને વિષે રહે છે જ્યાં પુરૂષોત્તમનું જ સાધર્મ્યપણું છે. જેમ કોઈ કરોડપતિ ધનાઢ્યની સભા બેઠી હોય અને તેમાં લખપતિ બન્યા પછી કરોડપતિ બનેલ ધનાઢ્ય બેઠા હોય તેના માટે એમ કહી શકાય કે કરોડપતિની સભામાં લખપતિ પામેલા ધનાઢ્ય બેઠા છે પણ વાસ્તવમાં તો તેઓ કરોડપતિ જ છે. તેવી જ રીતે પ્રથમના ૪૦માં વચનામૃતમાં અક્ષરબ્રહ્મ ના સાધર્મ્યપણાને પામીને અમારી મૂર્તિને વિષે નિમગ્ન રહેતો હોય તે નિર્વિકલ્પ સમાધિવાળો છે એમ કહ્યું ત્યાં પણ એકાંતિકની સ્થિતિ વર્ણવી છે કેમ કે સાધનદશાની સર્વોત્તમ એકાંતિક સ્થિતિમાં અક્ષરધામ કહેતાં શ્રીજીમહારાજના તેજરૂપ અક્ષરબ્રહ્મનું સાધર્મ્યપણું રહે છે અને ધ્યાને કરીને મૂર્તિમાં નિર્મગ્ન રહે છે. તેમ લોયાના ૧૩માં વચનામૃતમાં કહ્યું છે તેમજ સારંગપુરના ૧૧માં માં અને પાંચ સાધન સિધ્ધ કરે તે ભક્ત આત્મસત્તાને પામે કહેતાં શ્રીજીમહારાજના તેજરૂપ આત્મા તે જેવો થાય છે. અને પછી ભગવાનની કૃપા થાય છે. ત્યારે તે ભક્ત ભગવાનના તુલ્યપણાને કહેતા પુરૂષોત્તમના સાધર્મ્યપણાને પામે છે. તેથી જ મધ્યના ૩૧માં બ્રહ્મ જે શ્રીજીમહારાજનું તેજ તેનું મનન કરતાં કરતાં બ્રહ્મના ગુણ એમાં આવે છે. ત્યારે બ્રહ્મરૂપ


જીવનું કલ્યાણ તો આટલી જ વાતમાં છે જે પ્રગટ પ્રમાણ એવા જે સ્વામિનારાયણ તેનું કર્યું સર્વે થાય છે

થાય છે ત્યારે તે શ્રીજીમહારાજનો કૃપાપાત્ર થયો પછી શ્રીજીમહારાજની કૃપા થાય ત્યારે તેમના તુલ્ય થાય છે. એજ રીતે સારંગપુરના ૧૭માં માં પણ ખદ્યોતથી લઈને મહાતેજ પર્યંત આદિ મધ્યને અંત સર્વે મુક્તના ભેદ છે. તેમાં મહારાજના મુક્તોને મહાતેજ જેવા કહ્યા છે. પરંતુ ઉપર જોયા પ્રમાણે મહાતેજરૂપ એકાંતિકની સ્થિતિ છે. માટે તે પણ સાધનદશાની વાત છે. તેથી જ અ.મુ. શ્રી મુનીસ્વામીએ વાર્તા ૧૯માં સારંગપુરના ૧૭નો ભાવ સમજાવતાં કહ્યું કે ''મહાતેજ'' તો નિરાકાર તેથી સાધનદશાની વાત આવી અને અક્ષરધામમાં પરમએકાંતિક અને અનાદિમુક્તો તો સદા સાકાર છે. તે વાત કહેવાની રહી ગઈ તેથી મહારાજ ઉઠ્યા અને આંબલીની ડાળ ઝીલીને પુનમના ચંદ્રમાનું દ્રષ્ટાંત આપીને અક્ષરધામના મુક્તોની સ્પષ્ટતા કરી. તેમ ''મહાતેજ''તે સાધનદશાની વાત છે. તેથી જ બાપાશ્રીએ વાત ૨/૩૧માં કહ્યું કે પ્રથમ તો ખદ્યોત જેટલો જીવમાં પ્રકાશ હોય અને થોડે થોડે મહાતેજ જેવો થાય. પછી પુરૂષોત્તમરૂપ થાય છે. તેથી જ બાપાશ્રીએ મધ્યના ૬૭માં વચનામૃતની ટીકામાં સ્પષ્ટ કર્યું કે ભક્ત સાધનકાળમાં સાધન કરતાં કરતાં અક્ષરબ્રહ્મ જે શ્રીજીમહારાજનું તેજ તે રૂપ થાય ત્યારે તે સ્થિતિમાં મૂળઅક્ષરથી પણ પર થાય છે જેથી તેને અક્ષરધામના મુક્ત કહી શકાય પરંતુ હજી ચૈતન્ય સાકાર નથી થયો ત્યાં સુધી અક્ષરધામનું સાધર્મ્યપણું અને સાધનદશા કહી છે, પછી શ્રીજીમહારાજની કૃપા થાય ત્યારે તે પુરૂષોત્તમરૂપ પરમએકાંતિક અથવા અનાદિમુક્ત જે સિધ્ધમુક્ત તે થાય માટે સિધ્ધ થયા પછી તો પુરૂષોત્તમનું જ સાધર્મ્યપણું રહે છે પણ નિરાકાર અક્ષરનું રહેતું નથી કેમ જે મુક્ત પણ શ્રીજીમહરાજની જેમ જ સાકાર થાય છે. માટે મૂર્તિમાન થયા પછી પુરૂષોત્તમનું જ સાધર્મ્યપણું રહે છે. તેથી જ્યાં જ્યાં અક્ષરનું સાધર્મ્યપણું અથવા મહાતેજરૂપ થાય અથવા અક્ષરનું સાધર્મ્યપણું અથવા આત્મસત્તાને પામે એમ કહ્યું હોય ત્યાં ત્યાં સાધનકાળમાં એકાંતિકની સ્થિતિની જ વાત છે. તેથી જ પ્રથમના ૬૩માં અક્ષરધામને વિષે પોતાના સાધર્મ્યપણાને પામ્યા એવા અનંતકોટી મુક્ત તે રહે છે એમ કહ્યું છે. તેમજ પ્રથમના ૬૪માં ભગવાનને સદાદિવ્ય મૂર્તિમાન જાણીને ઉપાસના-ભક્તિ કરે છે તે તો એ ભગવાનના સાધર્મ્યપણાને પામે છે એમ કહ્યું છે. તેમજ સારંગપુરના ૧૧માં માં પોતાના તુલ્યપણાને પામે છે એમ કહ્યું છે. તેમજ મધ્યના ૬૬માં એ ભક્ત દેહ મૂકે ત્યારે એવા ભક્તને ભગવાન પોતા જેવો જ કરે છે. તેમજ મધ્યના ૬૭માં ભગવાનના ભક્ત ધામમાં જાય છે ત્યારે રૂપ તથા સામર્થી તે એ ભક્તની પણ તેવીજ થાય છે. તેમજ છેલ્લાના ૩૭માં ભગવાનના સાધર્મ્યપણાને પામ્યા એવા જે ભગવાનના ધામમાં ભગવાનના ભક્ત તેનો આકાર પણ ભગવાનના જેવો જ છે. તેમજ છેલ્લાના ૩૯માં ભગવાનને ભજી ભજીને ઘણાક ભગવાનના સાધર્મ્યપણાને પામ્યા છે. ઈત્યાદિક વચનામૃતો એ વાતની સાખ પૂરે છે. આ રીતે બાપાશ્રીએ દયા કરીને અક્ષર અને પુરૂષોત્તમના સાધર્મ્યપણાની ગહન વાતની સ્પષ્ટતા કરી.



કાળ, કર્મ ને માયાદિક કોયનું કર્યું કાંઈ થાતું નથી એવી રીતે ભગવાનને વિષે જ
એક કર્તા પણું સમજવું એ જ કલ્યાણનું પરમ કારણ છે

# વચનામૃતમાં આત્મનિષ્ઠા અને ભગવાનનું મહાત્મ્ય

ગતાંકથી ચાલુ.....

સંકલન :- કલ્યાણ નારણ વેકરીયા-બળદીયા

વચનામૃતમાં આત્મનિષ્ઠાની દૃઢતા અને ભગવાનનો મહિમા સમજવાની વાત શ્રીજી મહારાજે સવિષેશ કહી છે, અને સર્વે પ્રશ્નના સમાધાનરૂપ આ વાત કરી છે. આત્મનિષ્ઠામાં ધર્મનિષ્ઠા તથા ત્યાગનિષ્ઠા સમાવિષ્ટ છે અને ભગવાનના મહિમામાં સ્વરુપનિષ્ઠા અને ભક્તિનિષ્ઠા સમાવિષ્ટ છે. તેનું આચમન કરીએ.

| વચનામૃત | આત્મનિષ્ઠા | ભગવાનનું મહાત્મ્ય |
|---|---|---|
| ગ.પ્ર. ૨૭ | ચહાય કોઈ મારા પર ધૂળ નાખો, ચહાય કોઈ ગમે તેવું અપમાન કરો, ચહાય કોઈ હાથીએ બેસાડો, ચહાય કોઈ નાક-કાન કાપીને ગધેડે બેસાડો, તેમાં મારે સમભાવ છે. તથા રૂપવાન એવી યૌવન સ્ત્રી અથવા કુરૂપવાન સ્ત્રી અથવા વૃદ્ધ સ્ત્રી, તથા સુવર્ણનો ઢગલો હોય કે પથ્થરનો ઢગલો હોય તે બેયને તુલ્ય જાણે છે. | જે એમ સમજતો હોય જે, આ પૃથ્વી જેની રાખી સ્થિર રહી છે, ને ડોલાવી ડોલે છે તથા તારામંડળ જેનું રાખ્યું અધ્ધર રહ્યું છે તથા જેના વર્ષાવ્યા મેઘ વર્ષે છે તથા જેની આજ્ઞાએ કરીને સૂર્ય, ચંદ્ર ઉદય-અસ્તપણાને પામે છે તથા ચંદ્રની કળા વધે ઘટે છે તથા પાળ વિનાનો સમુદ્ર જેની મર્યાદામાં રહે છે તથા જળના બીંદુમાંથી મનુષ્ય ઉત્પન્ન થાય છે ને તેને હાથ, પગ, કાન, નાક આદિક ઈંદ્રિયો થઈ આવે છે તથા આકાશને વિષે અધ્ધર જળ રાખી મુક્યું છે ને ગાજ-વીજ થાય છે એવા અનંત આશ્ચર્ય તે મુને મળ્યા જે ભગવાન તેના કર્યા જ થાય છે એમ સમજે, પણ પ્રગટ પ્રમાણ એ આ ભગવાન તે વિના બીજો કોઈ એ આશ્ચર્યનો કરનારો છે એમ માને નહિ. |
| ગ.પ્ર. ૩૧ | પ્રભુના ભક્તની મોટપ્ય ભગવાનની આજ્ઞાને વિષે વર્તવે કરીને તથા ભગવાનના નિશ્ચયે કરીને છે. | સર્વે હરિભક્ત છે તેમને એવો નિશ્ચય છે જે અક્ષરાતીત એવા જે ભગવાન પુરુષોત્તમ તે અમને પ્રત્યક્ષ મળ્યા છે અને અમે કૃતાર્થ થયા છીએ. એમ સમજીને ભગવાનની અજ્ઞામાં રહ્યા થકા ભગવાનની ભક્તિ કરે છે. |
| ગ.પ્ર. ૩૨ | જ્યારે ઘાટ-સંકલ્પ થાય ત્યારે તો એમ વિચાર કરવો જે, હું તો સંકલ્પ થકી જુદો છું ને આત્મા છું અને સંકલ્પનો જાણનારો છું માટે જેને ભગવાનનું ધ્યાન કરવું તેને અંતઃકરણના ઘાટને જોઈને કચવાઈ જવું નહિ. પોતાના આત્માને અંતઃકરણથી જુદો માનીને ભગવાનનું ભજન કરવું. | હે મહારાજ! અમે ભગવાનની કથા-કિર્તનાદિકના વિષયી પણ થયા છીએ અને ભગવાનની મૂર્તિરૂપ માળો તથા ખીલો તેને મુકીને બીજે ઠેકાણે રહેતા નથી. |
| ગ.પ્ર. ૩૩ | મુઢપણું, પ્રીતી અને સમજણ એ ત્રણ પ્રકારના આશરામાંથી સમજણે કરીને આશરો કર્યો હોય તે શ્રેષ્ઠ છે. | જેને બુદ્ધિ વિશાળ (સમજણ) હોય તે ભગવાનનું સગુણ-નિર્ગુણપણું, અન્વય-વ્યતિરેકપણું, માયા થકી જે જે સર્ગ થયો તથા જગતની ઉત્ત્પતીની રીત તથા પૃથ્વીને વીશે અવતાર થાય છે તેમજ જીવના કલ્યાણને અર્થે નારદ-સનકાદિકરૂપે વર્તે છે તેમજ ભગવાનનું સમર્થ-અસમર્થપણું આદિ એ સર્વે રીતને સમજી જાણે અને પુરુષોત્તમ ભગવાનને સર્વેથી નિર્વિકાર સમજે. |



હું આત્મા છું ને સંકલ્પ થકી ભિન્ન છું ને સુખરૂપ છું એવી રીતે શરીરનું
દમન ને વિચાર એ બે જે ને હોય તે મોટા સાધું છે

| | | |
|---|---|---|
| ગ.પ્ર. ૩૭ | જ્યારે પોતાને આત્મારૂપે માનીએ ત્યારે તે આત્માની જન્મભૂમી કઈ? અને તે આત્માનું સગું કોણ? તે તે આત્માની જાત્ય પણ કઈ? એમ જ્ઞાને (આત્મજ્ઞાને) કરીને શરીર ને શરીરના મા-બાપ તેને વીસારી દેવા. | જે ભગવાન ને ભગવાનના ભક્તને સદા સાકાર સમજે. ક્યારેય નિરાકાર ન સમજે અને એમ જાણે જે આ ભગવાન વિના બીજો કોઈ જગતનો કર્તા છે જ નહિ. એવી નિષ્ઠાવાળા જે સંત છે તેના પગની રજને તો અમે પણ માથે ચડાવીએ છીએ. |
| ગ.પ્ર. ૩૮ | આત્મા વિના બીજા જે જે પદાર્થ છે તેનો ત્યાગ કરીને કેવળ આત્મપણે વર્તવું અને ભગવાનની ઉપાસના કરવી. એવો જે હોય તે એકાંતિક ભક્ત કહેવાય. | ભગવાનનું ચરિત્ર તથા નામનું મહિમા સહિત નિત્ય સ્મરણ કરવું. મનને નવરુ રહેવા દેવું નહિ. કેવળ ભગવાનના ઘાટ કર્યા કરવા ને જગતના સુખથી નિર્વાસનિક થવું. |
| ગ.પ્ર. ૪૨ | જડભરત તે પૂર્વ જન્મમાં ઋષભદેવ ભગવાનના પુત્ર હતા ને રાજ્યનો ત્યાગ કરીને વનમાં ગયા હતા પણ દયાએ કરીને મૃગ સંઘાથે પ્રીતી થઈ તો દોષ લાગ્યો ને મૃગ જેવો આકાર પોતાને પ્રાપ્ત થયો. | ગમે તેવો પાપી જીવ હોય ને તે જો સત્ય સ્વરૂપ એવા જે ભગવાન તેનો પ્રસંગ કરે તો પરમ પવિત્ર થઈને અભયપદને પામે છે અને માયીક પદાર્થમાં પ્રીતિ કરે તો નરકને પામે છે. |
| ગ.પ્ર. ૪૩ | નિષ્કામ ભક્તને જ ગીતામાં ભગવાને જ્ઞાની કહ્યો છે અને સકામ ભક્તને અર્થાથી કહ્યો છે. | માટે ભગવાનના ભક્તને ભગવાનની સેવા વિના બીજું કાંઈ ન ઈચ્છવું. |
| ગ.પ્ર. ૪૪ | જીવને વિપરીત ભાવના થઈ છે જે પોતાને દેહથી પૃથક જે જીવાત્મા તે રૂપે નથી માનતો ને દેહરૂપે માને છે. માટે દેહ ને દેહના સંબંધીને વિષે અહંમમત્વનો ત્યાગ કરીને પોતાના આત્માને બ્રહ્મરૂપ માનીને સર્વે વાસનાનો ત્યાગ કરીને સ્વધર્મમાં રહીને ભગવાનમાં જ પ્રીતિ કરી ભગવાનને ભજે છે તે સાધુ કહેવાય. | જે ભક્તને પરિપૂર્ણ ભગવાનમાં સ્નેહ હોય તેને ભગવાન વિના બીજો સંકલ્પ જ (ઘાટ જ) ન થાય. અને જેટલો બીજો ઘાટ થાય છે તેટલો સ્નેહમાં ફેર છે. એવી રીતે જેને વર્તતુ હોય તેને ભગવાનમાં પ્રીતિ છે એમ જાણવું. |
| ગ.પ્ર. ૪૫ | દર્પણ જેવું જેનું નિર્મળ અંતઃકરણ હોય તેને સર્વત્ર વ્યાપક સચ્ચિદાનંદ બ્રહ્મ તેનું રૂપ પુરુષોત્તમ ભગવાનના જેવું સાકાર ભાસે છે. | પુરુષોત્તમ જે ભગવાન તે સદા સાકાર જ છે પણ નિરાકાર નથી અને સર્વત્ર પૂર્ણ એવું સચ્ચિદાનંદ બ્રહ્મ તે નિરાકાર છે અને પુરુષોત્તમ ભગવાનનું તેજ છે. તેને ચિદાકાશ કહે છે. |
| ગ.પ્ર. ૪૭ | આત્મનિષ્ઠાવાળાને દેહ, ઈંદ્રિયો, મન અને પ્રાણ થકી જુદું વર્તવું અને ભગવાનની કથા-કીર્તનાદિક કરવું તે પણ આત્મારૂપે થઈને કરવું અને દેહાદિક જે માયિકભાવ તેમાં ભળી જાવું નહિ. એવી રીતે વર્તાય તે એને વિષે ગુણ છે. | સ્વરૂપનિષ્ઠાવાળાને જે ભગવાનનું સ્વરૂપ પોતાને પ્રાપ્ત થયું છે તે જ સ્વરૂપને વિષે મતિ અચળ રહે છે એ એને વિષે ગુણ છે અને એમ જાણે જે આ જે ભગવાનનું સ્વરૂપ તે તો સગુણ છે ને નિર્ગુણ સ્વરૂપ તો બીજું છે એમ જો સમજાય તો એ સ્વરૂપનિષ્ઠાવાળાને વિષે દોષ છે. (મહાત્મ્યમાં ખામી છે.) |

ક્રમશઃ

# કેળવણી

## શ્રી ઘનશ્યામ એકેડમીમાં "Rakhi Decoration Activity' નું આયોજન કરાયું

તારીખ ૨૬-૮-૨૦૨૩ના રોજ શાળાના આચાર્યા શ્રીમતી શુભાંગી બહેન જોષીના માર્ગદર્શન હેઠળ 'Rakhi Decoration Activity' નું આયોજન કરાયું હતું. જેમાં K.G. Section ના બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ Activity માં બાળકોને શિક્ષકો દ્વારા રાખડી ના ચિત્ર ઉપર ટીકી અને જરીથી સજાવટ કરવામાં આવી હતી અને રક્ષાબંધનને શા માટે મનાવવામાં આવે છે તે સમજાવવામાં આવ્યું હતું.

આ Activity નો મુખ્ય હેતુ એ રહ્યો હતો બાળકો સજાવવાની કલા શીખે અને તહેવારના મહત્વને સમજે.

## શ્રી ઘનશ્યામ એકેડમી બળદિયાના ધોરણ પના વિદ્યાર્થીનું જિલ્લા કક્ષાએ સન્માન

કચ્છમિત્ર વર્તમાનપત્ર દ્વારા શિક્ષકદિવસ નિમિત્તે જિલ્લા કક્ષાએ અનોખું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં રાષ્ટ્રીય કક્ષાએ એવોર્ડ મેળવી ચૂકેલા ૩૨ શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું હતું તથા જિલ્લા કક્ષાની વિવિધ શાળાના વિદ્યાર્થીઓ પાસેથી પેન્સિલ સ્કેચની હરીફાઈ રાખવામાં આવી હતી. સ્કેચ માટેના વિષયો (અ) માય ડ્રીમ સ્કુલ (બ) મારો આદર્શ વર્ગખંડ (ક) મારા ફેવરીટ ટીચર (છાત્ર તેની કલ્પનાના શિક્ષકનો સ્કેચ પણ દોરી શકે છે.)

આ સ્પર્ધામાં શ્રી અબજીબાપા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ સેન્ટર શ્રી ઘનશ્યામ એકેડમી અને શ્રી સ્વામિનારાયણ માધ્યમિક શાળા બળદિયાના આચાર્યા શ્રીમતી શુભાંગીબેન જોશીના માર્ગદર્શન હેઠળ બધા વિદ્યાર્થીઓએ ઉમળકા ભેર ભાગ લીધો હતો. આ ઉપરાંત જિલ્લા કક્ષાની વિવિધ અન્ય શાળાઓમાંથી લગભગ ૪૮૦ જેટલી સ્કેચને એન્ટ્રી મળી હતી. તેમાંથી આપણી શાળાનો વિદ્યાર્થી ધોરણ પમાં અભ્યાસ કરતો પરમાર દિવ્ય વિપુલભાઈને કચ્છમિત્ર દ્વારા આશ્વાસન ઈનામ રૂપિયા ૧૦૦૦ તથા એક પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું. આમ જિલ્લા કક્ષાએ ઉત્તીર્ણ થવા બદલ શાળા પરિવાર ગર્વની લાગણી અનુભવે છે.

## શ્રી ઘનશ્યામ એકેડમી-બળદિયા મધ્યે 'શિક્ષક-દિન'ની અર્થસભર તથા ભાવસભર ઉજવણી કરાઈ

શ્રી અબજીબાપા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ સેન્ટર સંચાલિત શ્રી ઘનશ્યામ એકેડમી તથા શ્રી સ્વામિનારાયણ સેકન્ડરી ઈંગ્લિશ મીડીયમ-તાલુકો ભુજ(કચ્છ) ખાતે તારીખ ૨ સપ્ટેમ્બર, ૨૦૨૩ શનિવારના રોજ 'શિક્ષક દિન'ની ઉજવણી કરવામાં આવી હતી. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ આપણા ભારતના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ બનેલા તેમના જન્મદિવસ પમી સપ્ટેમ્બર, 'શિક્ષક દિન' ની ઉજવણી કરવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૦૨૪માં 'શિક્ષક દિન' ના ઉપલક્ષમાં શાળાના આચાર્યા શ્રીમતી શુભાંગી એસ. જોષીના માર્ગદર્શન હેઠળ શાળાના ઈ.ઈ.અ. વિભાગ દ્વારા પ્રાયોજીત તથા શાળાના ઈન્ટેલિઝન્સ હાઉસ દ્વારા આયોજીત આ કાર્યક્રમ અંતર્ગત શાળાના ધોરણ ૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈ-બહેનોએ એક દિવસ માટે પ્રિન્સિપાલશ્રી, ટિચિંગ તથા નોન-ટિચિંગ સ્ટાફ તથા પટ્ટાવાળાની ભૂમિકા નિભાવી હતી. શાળાના પ્લેગ્રુપથી ધોરણ ૯ (નર્સરી, લોઅર, અપર, પ્રાયમરી, સેકન્ડરી વિભાગમાં કુલ સાત તાસ પ્રમાણેના ટાઈમટેબલ અંતર્ગત વ્યક્તિગત અપાયેલા વિષયો તથા તાસ પ્રમાણે શૈક્ષણિક કાર્ય કરાવ્યું હતું. પ્લેગ્રુપ થી ધોરણ ૯ ના વિદ્યાર્થી ભાઈ-બહેનોએ શૈક્ષણિક કાર્યમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.)

સમગ્ર કાર્યક્રમનું સંકલન ઈન્ટેલિઝન્સ હાઉસના હેડ દેવરાજ ચૌચેટા, કો ટીચર્સ ગોસ્વામી ચાર્મી તથા કેરાઈ શીતલે કર્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા શાળાના સર્વ શિક્ષકોએ જેહમત ઉઠાવી હતી.

## હિન્દી દિવસની ઉજવણી

શ્રી સ્વામિનારાયણ પ્રાથમિક અને માધ્યમિક શાળા બળદિયામાં તારીખ ૧૪-૯-૨૦૨૩ ગુરુવારના રોજ હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના તમામ વિદ્યાર્થીઓ તથા શિક્ષકો જોડાયા હતા. શાળાના આચાર્ય શ્રી ડૉ.એસ.એમ. પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષક શ્રી રાજેશભાઈ પટેલે કર્યું હતું.

કાર્યક્રમ ની શરૂઆત 'ઈતની શક્તિ' પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ ધોરણ ૬ થી ૧૦ ના વિદ્યાર્થીઓએ વિચારવિસ્તાર, સમાચાર, પ્રશ્નોતરી વગેરેનું વાંચન અને પઠન પણ હિન્દી ભાષામાં જ કર્યું હતું. ત્યારબાદ હિન્દી ભાષાનું મહત્વ સમજાવતા રાજેશભાઈ પટેલે રાષ્ટ્રભાષા હિન્દીનું મહત્વ સમજાવ્યું હતું. ધોરણ ૯ ના વિદ્યાર્થી સોરઠીયા કાર્તિક હિન્દી ભાષા વિષે પોતાના વિચારો રજૂ કર્યા હતા તથા વાણીયા કેતને હિન્દી ભાષા વિષે બોલવા માટે ખચકાટ અને શરમ અનુભવીએ છીએ તેના વિષે સમજ આપી હતી. ધોરણ ૮ ના વિદ્યાર્થી ડાંગર હરગોપાલે હિન્દીમાં કબીરજીના દોહા પ્રસ્તુત કર્યા હતા. ત્યારબાદ ધોરણ ૭ના વિદ્યાર્થી નાકરાણી લવે હિન્દી ભાષામાં 'प्यारा भारत देश हमारा' ગીત રજૂ કર્યું હતું. ત્યારબાદ શાળાની શિક્ષિકા બહેનોએ 'हिन्द देश के निवासी' ગીત રજૂ કર્યું હતું. ત્યારબાદ કાર્યક્રમના અંતે શાળાના શિક્ષકશ્રી રાજેશભાઈ જે. પટેલે રાષ્ટ્રભાષા હિન્દી વિશે શેર રજૂ કર્યો હતો. ना कोई अरमान रखता हूँ, ना कोई फरमान करता हूँ। तहजीब से सुनो तो सुननेवालो का दिलो जान से सन्मान करता हूँ। ત્યારબાદ શાળાના આચાર્યશ્રી ડૉ. શૈલેષભાઈ એમ. પટેલ સાહેબે હિન્દી ભાષાનું મહત્વ દિવસ-દિવસે ઘટતું જાય છે તેનું મહત્વ સમજાવતું દ્રષ્ટાંત રજૂ કર્યું હતું તથા હિન્દી દિનના દિવસે દરેકે વિદ્યાર્થીઓને હિન્દી દિનના દિવસે સમગ્ર દિવસ દરમિયાન હિન્દી ભાષામાં જ વાતચીત કરવા માટે પ્રોત્સાહન પુરું પાડ્યું હતું. ત્યારબાદ કાર્યક્રમ પૂર્ણ થતા બધા છૂટા પડ્યા હતા.

## શિક્ષકદિનની ઉજવણી

પ્રથમ ઉપરાષ્ટ્રપતિ ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણના જન્મદિવસ નિમિતે તારીખ ૫ સપ્ટેમ્બરના રોજ સમગ્ર ભારતમાં 'શિક્ષકદિન'ની ઉજવણી કરવામાં આવે છે. તે દિવસે જે-તે વિષયમાં રસ ધરાવતા

વિદ્યાર્થીએ પોતાના ધોરણ કે તેનાથી નીચેના ધોરણમાં શિક્ષક બની શિક્ષક બન્યાનો એક દિવસીય આનંદ અનુભવે છે.

શ્રી સ્વામિનારાયણ પ્રાથમિક અને માધ્યમિક શાળા બળદિયામાં તા. ૫-૯-૨૦૨૩ના રજા હોવાને કારણે તા. ૪-૯-૨૦૨૩ના શિક્ષકદિનની ઉજવણી શાળાના આચાર્ય શ્રી ડૉ.એસ.એમ.પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી. જેનું સમગ્ર સંચાલન શાળાના શિક્ષક ભાઈ-બહેનોએ કર્યું હતું. શિક્ષકદિનની ઉજવણીમાં ધોરણ-૬ થી ૧૦ના એમ ૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ૪૦ શિક્ષકો, ૧ પ્રિન્સિપાલ, ૩ ક્લાર્ક અને ૫ વિદ્યાર્થીઓએ સેવક તરીકેની કામગીરી બજાવી હતી. માધ્યમિક વિભાગમાંથી જાકાસણીયા યક્ષ પ્રિન્સિપાલ અને પ્રાથમિક વિભાગમાંથી જાડેજા હરપાલ વાઈસ પ્રિન્સિપાલ બની સમગ્ર દિવસનું સંચાલન સાથે મળીને ખૂબ જ સરસ રીતે કર્યું હતું. દરેક વિદ્યાર્થીએ પોતાના શિક્ષક તરીકેની જવાબદારી ખૂબજ સારી રીતે બજાવી હતી. સેવક ભાઈઓએ પણ ખૂબ જ જવાબદારી પૂર્વક કાર્ય કર્યું હતું. ૮ તાસ લીધા પછી ૧૨ વાગ્યે શિક્ષકદિન નિમિત્તે પ્રાર્થનાહોલમાં એક દિવસના શિક્ષકોનો અનુભવ કેવો રહ્યો તે માટે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. પ્રિન્સિપાલ બનેલ જાકાસણીયા યક્ષ અને પ્રાથમિક વિભાગના પ્રિન્સિપાલ જાડેજા હરપાલે પોતાના અનુભવો કહ્યા હતા. તથા પ્રાથમિક અને માધ્યમિક વિભાગના બનેલા શિક્ષકોએ પોતાના શિક્ષક બનવાના અનુભવો રજૂ કર્યા હતા. શિક્ષકદિનને અનુરૂપ શાળાના આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ સાહેબે પોતાના વિચારો રજૂ કર્યા હતા અને ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓને શાબાસી આપી હતી અને સંસ્થા તરફથી પ્રોત્સાહન રૂપે પેન આપી હતી. અંત સમય પૂર્ણ થતા કાર્યક્રમને પૂર્ણ જાહેર કર્યો હતો.

### રક્ષાબંધનની ઉજવણી

શ્રી અબજીબાપા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ સેન્ટર શ્રી ઘનશ્યામ એકેડમી અને શ્રી સ્વામિનારાયણ માધ્યમિક શાળા બળદિયા ખાતે ભાઈ અને બહેનના પવિત્ર પ્રેમનો તહેવાર એટલે રક્ષાબંધન તારીખ ૨૬-૮-૨૦૨૩ શનિવારના રોજ રક્ષાબંધનની ઉજવણીના રૂપે અને અમારી શાળાના આચાર્યા શ્રીમતી શુભાંગીબેન જોષીના માર્ગદર્શન હેઠળ બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓ જાગ્રત થાય તે હેતુથી રાખડીની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. રાખડી સ્પર્ધાની સંપૂર્ણ જવાબદારી Excellence House ના શિક્ષકો દ્વારા કરવામાં આવી હતી. જેમાં Excellence House શ્રીમતી અર્ચના જોષી તથા તેમના સાથી શિક્ષકો શ્રીમતી પ્રિયશી વાલાણી અને શ્રીમતી સંગીતા વેકરીયાના સાથ સહકારથી આ સ્પર્ધાનું આયોજન સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. જેમાં અનુક્રમે ધોરણ ૧ થી ૫ ના બાળકોએ આપેલ પેજ ઉપર રંગ પૂરી અને તે પેજને સુંદર રીતથી શણગાર્યું હતું. અને ધોરણ ૬ થી ૯ ના બાળકોએ જાતજાતની અને ભાતભાતની વસ્તુઓનો ઉપયોગ કરીને રાખડી બનાવી હતી. જેનાં પરિણામમાં પ્રથમ નંબરે Intelligence House અને બીજા નંબરે Knowledge House, Excellence House અને Genius House આવ્યા હતા.

આમ રક્ષાબંધનના આ પવિત્ર તહેવારની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી હતી. અને બાળકોએ પણ રાખડીની સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લઈને આ સ્પર્ધાને સફળ બનાવી હતી. આમ આ કાર્યક્રમ પૂર્ણ થયો હતો.

### સંસ્કૃત દિવસની ઉજવણી

શ્રી અબજીબાપા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ સેન્ટર શ્રી ઘનશ્યામ એકેડમી અને શ્રી સ્વામિનારાયણ માધ્યમિક શાળા બળદિયા ખાતે તારીખ ૩૧-૮-૨૦૨૩ ગુરુવારના રોજ સંસ્કૃત દિવસની ઉજવણી કરવામાં આવી હતી. શ્રાવણી પૂર્ણિમા એટલે કે મહાકવિ કાલિદાસનો જન્મદિવસ, મહાકવિ કુલગુરુ કાલિદાસના જન્મદિને સંસ્કૃત દિવસ ઉજવાય છે. અમારી શાળામાં પણ તે દિવસે સંસ્કૃત દિવસની ઉજવણી કરવામાં આવી હતી. સૌ પ્રથમ અમારી શાળાના સંસ્કૃત શિક્ષક શ્રીમતિ અર્ચના જોષી દ્વારા સંસ્કૃત દિવસ શા માટે ઉજવવામાં આવે છે? તે જણાવવામાં આવ્યું. ત્યારબાદ ધોરણ ૧૦માં અભ્યાસ કરતા મુંધવા નિકુલ અને ખાડા જીત એ સંસ્કૃત ભાષાનું મહત્ત્વ દર્શાવતું વક્તવ્ય રજૂ કર્યું હતું. ત્યારબાદ પ્રોજેક્ટના માધ્યમ દ્વારા સુષ્મા સ્વરાજનું સંસ્કૃત ભાષા ઉપર સુંદર વક્તવ્ય સાંભળ્યું હતું. ત્યારબાદ અમારી શાળાના આચાર્યા શ્રીમતી શુભાંગી જોષીએ સંસ્કૃત દિવસ ઉપર પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

આમ બાળકોમાં સંસ્કૃત ભાષા વિશે રસ ઉત્પન્ન થાય તે હેતુથી કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.

## મૂર્તિ સુખે સુખી થયા

- ગામ કેરાના શ્રી પ્રેમજીભાઈ માવજીભાઈ વરસાણી ઉ.વ. ૭૪ તા. ૧૫/૮/૨૩ના રોજ મૂર્તિ સુખે સુખી થયા છે.
- ગામ કેરાના શ્રી હરજીભાઈ માવજીભાઈ વરસાણી ઉ.વ. ૮૮ તા. ૭/૯/૨૩ના રોજ મૂર્તિ સુખે સુખી થયા છે.
- ગામ કેરાના શ્રી દેવજીભાઈ લાલજીભાઈ વરસાણી ઉ.વ. ૭૮ તા. ૧૬/૯/૨૩ના રોજ મૂર્તિ સુખે સુખી થયા છે.
- ગામ બળદિયાના શ્રી લક્ષ્મણભાઈ ભીમજીભાઈ રાઘવાણી ઉ.વ. ૯૪ તા. ૨૧/૯/૨૩ના રોજ મૂર્તિ સુખે સુખી થયા છે. તેઓશ્રીએ દેશ અને વિદેશમાં સત્સંગ, સમાજ, શિક્ષણ, આરોગ્ય, માનવ સેવા જેવા કાર્યોમાં અઢળક દાન આપ્યું છે.
- ગામ નારણપરના શ્રી કરસન સામજી સેંઘાણી ઉ.વ. ૬૮ તા. ૨૨/૯/૨૩ના રોજ મૂર્તિ સુખે સુખી થયા છે.
- ગામ નવલગઢના શ્રી અશ્વિનભાઈ મહાદેવભાઈ જાદવ ઉ.વ. ૪૭ તા. ૨૩/૯/૨૩ના રોજ મૂર્તિ સુખે સુખી થયા છે.
- ગામ બળદિયાના શ્રી ધનબાઈ દેવજી જેસાણી ઉ.વ. ૯૪ તા. ૨૩/૯/૨૩ના રોજ મૂર્તિ સુખે સુખી થયા છે.

**શ્રીજીમહારાજ તેમને પોતાની મૂર્તિનું સુખ વિશેષ ને વિશેષ આપે અને તેમના પરિવારને ધીરજ અને બળ આપે એવી શ્રીજીમહારાજ તથા બાપાશ્રીના ચરણોમાં પ્રાર્થના........**

# ઘનશ્યામ એકેડેમી દ્વારા વિવિધ પ્રવૃત્તિ તેમજ શિક્ષકદિનની ઉજવણી






# શ્રી સ્વામિનારાયણ હાઈસ્કુલ દ્વારા ગાંધી જયંતિ દિને સફાઈ અભિયાન



MURTI, Gujarati, Monthly, October, Year 20, Issue - 10
RNI No. GUJGUJ/2004/52455 Published on 11-10-2023

MURTI

Posted at Bhuj Shorting Office on Date 13th of Every Month
Postal Registration No. GKCH-173 / 2022-24

## જન્માષ્ટમી પર્વ







## મુનિસ્વામી પ્રાગટ્ય ઉપલક્ષે સત્સંગ બ્રહ્મયજ્ઞ - સુરેન્દ્રનગર








## જળજીલણી એકાદશી પર્વે હરિકૃષ્ણ મહારાજને પાલખીમાં કાળીતલાવડીની પ્રદક્ષિણા



Printed and Published by Kalyan Naran Vekaria, on behalf of Abjibapashri ni Chhatri & Hanumanji Mandir Trust. Printed at Swastik Printers - Basement Pindoriya Chambers , New Station Road, Bhuj-Kachchh. 370001 and Published at Abjibapashri ni Chhatri & Hanumanji Mandir Trust. Po. Baladia, Bhuj-Kachchh. Editor : Kalyan Naran Vekaria